**RAJNI M. SANGANI**
B.COM., LL.B., Advocate
(Gujarat Highcourt)

*M : No: -9979104781*
Heritage Complex,
Nr.Balaji Hall, 150 Feet
ring Road, RAJKOT

સનદ નં. G / 2089 / 2006

## –:: સ્થાવર મિલ્કતનો ટાઈટલ રીપોર્ટ ::–

પ્રતિશ્રી,
**(૧) શ્રી ભગવતીબેન અશ્વિનભાઈ પિપરીયા,**
**(૨) શ્રી રાજેશભાઈ રાઘવભાઈ રામાણી,**
રાજકોટ.

બાબત :– ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ શહેરના મ્યુનિ. કોર્પોરેશનની હદમાં સમાવેશ કરવામાં આવેલ ગામ મવડીના રેવન્યુ સર્વે નં.૧૫૬/૧ પૈકીની જમીન એકર ૮–૨૨ ગુંઠાની બિનખેડવાણ અને ઈમારત બાંધવાની તેમજ રહેણાંક હેતુ માટેની મંજુરીવાળી જમીનના પ્લોટ્સ પૈકી **પ્લોટ નં.૬ પૈકીની** જમીન ચો.મી.આ.૧૪૧–૨૧ ઉપર બાંધવામાં આવેલ **"રિધ્ધી પેલેસ"** ના નામથી ઓળખાતા રહેણાંક હેતુ માટેના લો–રાઈઝ બિલ્ડીંગ તેનો ૩૧ વર્ષનું સર્ચ કરી રીપોર્ટ આપવા અંગે.

મે. સાહેબશ્રી,

મારા સમક્ષ **(૧) શ્રી ભગવતીબેન અશ્વિનભાઈ પિપરીયા, (૨) શ્રી રાજેશભાઈ રાઘવભાઈ રામાણી,** એ ઉપરોકત બાબતમાં જણાવેલ મિલ્કત તેઓએ તેની અસલ ફાઈલ તથા ઉતરોતર કાગળ રજુ કરેલ છે. જેમાં નીચે મુજબના પેપર સામેલ છે. અને સ્થાવર મિલ્કતનાં અભિપ્રાય આપવા વિનંતી કરેલ છે. તો સદરહું મિલ્કતનો મારો અભિપ્રાય નીચે મુજબ છે.

**સ્થાવર મિલ્કતનાં માલીકનું નામ ::–**

**(૧) શ્રી ભગવતીબેન અશ્વિનભાઈ પિપરીયા,**
**(૨) શ્રી રાજેશભાઈ રાઘવભાઈ રામાણી,**
ધંધાનું સ્થળ. : ઉદયનગર, મવડી મેઈન રોડ, રાજકોટ.

મવડીના ખાતેદાર જેઠા નારણ ગુજરી ગયેલ હોય તેના બે વારસદારોનું કોઈ જુના વખતનું ખાતું હોઈ અને કબજા પ્રમાણે જમીન જુદી પાડેલ હોય જેથી ખાતામાં ગણેશ જેઠાનું નામ દાખલ કરવામાં આવેલ છે. જેની રેવન્યુ રેકર્ડ હકકપત્રક નં. ૬ માં નોંધ અનુક્રમ નં.**૬૧** થી એન્ટ્રી પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ મવડીના રેવન્યુ સર્વે નંબરોમાં **કણબી ગણેશ જેઠા** તે તેના ખાતાની જમીનમાં નવી માપણીના આંકડા સર્વે ખાતેથી તૈયાર થઈ આવતા માપણી રજીસ્ટરે લખ્યા મુજબ સર્વે નંબરવાર એન્ટ્રી દાખલ કરવામાં આવી જેની રેવન્યુ રેકર્ડ હકકપત્રક નં. ૬ માં નોંધ અનુક્રમ નં.**૧૮૯** થી એન્ટ્રી પ્રમાણીત થયેલ છે.

...૨/–

**RAJNI M. SANGANI**
B.COM., LL.B., Advocate
(Gujarat Highcourt)

M : No: -9979104781
Heritage Complex,
Nr.Balaji Hall, 150 Feet
ring Road, RAJKOT

સનદ નં. G / 2089 / 2006



ત્યારબાદ મવડીના રેવન્યુ સર્વે નંબર ૧૫૬ પૈકીની જમીન એકર ૮–૨૨ ગુંઠા **કણબી ગણેશ જેઠા** એ **કણબી દામજી ઉકા** ને તા.૨૩/૧૧/૧૯૬૨ ના રોજ વેચાણ આપતા જેની રેવન્યુ રેકર્ડ હકકપત્રક નં. ૬ માં નોંધ અનુક્રમ નં.**૩૩૨** થી એન્ટ્રી પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ શ્રી **દામજી ઉકાભાઈ** એ રે.સર્વે નં.૧૫૬ પૈકીની જમીન એકર ૮–૨૨ ગુંઠા બીનખેતીમાં ફેરવવા માટે તાલુકા વિકાસ અધિકારી સાહેબશ્રી, રાજકોટને અરજી કરતાં તાલુકા વિકાસ અધિકારી સાહેબ, રાજકોટના બીનખેતી હુકમ નં. લેન્ડ–૧–૨૧, તા.૦૩–૦૭–૧૯૬૩ થી હુકમ કરેલ છે. જેની રેવન્યુ રેકર્ડ હકકપત્રક નં.૬ માં નોંધ અનુક્રમ નં.**૩૬૮** થી એન્ટ્રી પ્રમાણીત થયેલ છે. તે મુજબ બીનખેતી લે–આઉટ પ્લાન મંજુર કરેલ છે.

ત્યારબાદ શ્રી **દામજી ઉકાભાઈ** એ પોતાની રે.સર્વે નં.૧૫૬ પૈકીની બીનખેતી જમીનના પ્લોટસની રજી. વહેચણી દસ્તાવેજ અનું. નં.૬૩૯, તા.૨૨–૦૨–૧૯૬૫ થી વહેચણી કરેલ છે. જેની રેવન્યુ રેકર્ડ હકકપત્રક નં.૬ માં નોંધ અનુક્રમ નં.**૬૦૫** થી એન્ટ્રી પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ શ્રી **દામજી ઉકાભાઈ** એ પોતાની રે.સર્વે નં.૧૫૬ પૈકીની બીનખેતી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૬ ની જમીન ચો.વા.આ.૭૪૪–૨ રજી. વેચાણ દસ્તાવેજ અનું. નં.૧૩૨૯, તા.૧૮–૦૩–૧૯૬૬ ના રોજ શ્રી મહાશંકર કાનજીભાઈ ત્રીવેદી તથા ભાણજી જીવા મીસ્ત્રીને વેચાણ કરેલ છે. જેની રેવન્યુ રેકર્ડ હકકપત્રક નં.૬ માં નોંધ અનુક્રમ નં.**૬૩૫** થી એન્ટ્રી પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ **ભાણજી જીવા મીસ્ત્રી** તા.૧૯/૦૩/૧૯૭૧ ના રોજ ગુજરી જતા તેમના કાયદેસરના વારસદારોએ રે.સર્વે નં.૧૫૬ પૈકીની બીનખેતી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૬ ની જમીન માં તેમના ૫૦ % અનડીવાઈડેડ હિસ્સાની જમીનનું શ્રી તુલશીદાસ ભાણજીભાઈને કુલમુખત્યારનામું કરી આપેલ છે.

ત્યારબાદ **ભાણજી જીવા મીસ્ત્રીના કાયદેસરના વારસદારો**ના કુલમુખત્યાર શ્રી તુલશીદાસ ભાણજી તથા શ્રી મહાશંકર કાનજીભાઈ ત્રીવેદીએ રે.સર્વે નં.૧૫૬ પૈકીની બીનખેતી જમીનના પ્લોટ નં.૬ ની જમીન ચો.વા.આ.૭૪૪–૨ પૈકીની જમીન ચો.વા.આ. ૧૬૮–૮ રજી. વેચાણ દસ્તાવેજ અનું. નં.૮૭૪૯, તા.૨૧–૧૧–૧૯૮૧ ના રોજ શ્રી નાથાભાઈ કરશનભાઈ સોજીત્રાને વેચાણ કરેલ છે. જેની રેવન્યુ રેકર્ડ હકકપત્રક નં.૬ માં નોંધ અનુક્રમ નં.**૨૭૬૭** થી એન્ટ્રી પ્રમાણીત થયેલ છે.

**RAJNI M. SANGANI**
B.COM., LL.B., Advocate
(Gujarat Highcourt)

M : No: -9979104781
Heritage Complex,
Nr.Balaji Hall, 150 Feet
ring Road, RAJKOT

સનદ નં. G / 2089 / 2006

R. M. SANGANI ADVOCATE B.Com. LL.B.D.T.L.P.



ત્યારબાદ **શ્રી નાથાભાઈ કરશનભાઈ સોજીત્રાએ** રે.સર્વે નં.૧૫૬ પૈકીની બીનખેતી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૬ ની જમીન ચો.વા.આ.૧૬૮–૮ રજી. વેચાણ દસ્તાવેજ અનું. નં.૧૧૭૦૯, તા.૦૪–૧૦–૧૯૮૯ ના રોજ શ્રી જયંતીલાલ રણછોડભાઈ કરકરને વેચાણ કરેલ છે. જેની રેવન્યુ રેકર્ડ હકકપત્રક નં.૬ માં નોંધ અનુક્રમ **નં.૨૮૨૪** થી એન્ટ્રી પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ **શ્રી જયંતીલાલ રણછોડભાઈ કરકરએ** રે.સર્વે નં.૧૫૬ પૈકીની બીનખેતી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૬ ની જમીન ચો.મી.આ.૧૪૧–૨૧ રજી. વેચાણ દસ્તાવેજ અનું. નં.૬૦૩૫, તા.૦૯–૦૬–૧૯૯૨ ના રોજ શ્રી કેશવભાઈ રવજીભાઈ વરસાણીને વેચાણ કરેલ છે. જેની રેવન્યુ રેકર્ડ હકકપત્રક નં.૬ માં નોંધ અનુક્રમ **નં.૪૨૬૫ તથા ૨૪૧૦** થી એન્ટ્રી પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ **શ્રી કેશવભાઈ રવજીભાઈ વરસાણીએ** રે.સર્વે નં.૧૫૬ પૈકીની બીનખેતી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૬ ની જમીન ચો.મી.આ.૧૪૧–૨૧ રજી. વેચાણ દસ્તાવેજ અનું. નં.૪૦૭, તા.૧૮–૦૧–૨૦૦૫ ના રોજ શ્રી સુરેશભાઈ મોહનભાઈ અકબરી વિગેરેને વેચાણ કરેલ છે. જેની રેવન્યુ રેકર્ડ હકકપત્રક નં.૬ માં નોંધ અનુક્રમ **નં.૨૪૧૧** થી એન્ટ્રી પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ **શ્રી સુરેશભાઈ મોહનભાઈ અકબરી વિગેરેએ** રે.સર્વે નં.૧૫૬ પૈકીની બીનખેતી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૬ ની જમીન ચો.મી.આ.૧૪૧–૨૧ રજી. વેચાણ દસ્તાવેજ અનું. નં.૫૧૫, તા.૨૭–૦૧–૨૦૧૫ ના રોજ શ્રી રાજેશભાઈ રાઘવભાઈ રામાણી તથા રમેશભાઈ ગંગદાસભાઈ ટીલારાને વેચાણ કરેલ છે. જેની રેવન્યુ રેકર્ડ હકકપત્રક નં.૬ માં નોંધ અનુક્રમ નં.**૧૦૯૫૯** થી એન્ટ્રી પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ **શ્રી રમેશભાઈ ગંગદાસભાઈ ટીલારાએ** રે.સર્વે નં.૧૫૬ પૈકીની બીનખેતી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૬ ની જમીન ચો.મી.આ.૧૪૧–૨૧ માં તેનો ૫૦ % અનડીવાઈડેડ હિસ્સો રજી. વેચાણ દસ્તાવેજ અનું. નં.૪૬૫૩, તા.૦૪–૦૭–૨૦૧૮ ના રોજ શ્રી ભગવતીબેન અશ્વિનભાઈ પીપરીયાને વેચાણ કરેલ છે. જેની રેવન્યુ રેકર્ડ ગામ નમુના નં.૨ માં નોંધ અનુક્રમ નં.**૩૫૧** થી એન્ટ્રી પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ **શ્રી ભગવતીબેન અશ્વિનભાઈ પીપરીયા તથા શ્રી રાજેશભાઈ રાઘવભાઈ રામાણીએ** રે.સર્વે નં.૧૫૬ પૈકીની બીનખેતી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૬ ની જમીન ચો.મી.આ.૧૪૧–૨૧ માં બાંધકામ કરવા માટે રાજકોટ મહાનગર પાલીકામાંથી બાંધકામ પ્લાન મંજુર કરાવી બાંધકામ પરવાનગી નં.૮૫૦,

...૪/–

**RAJNI M. SANGANI**
B.COM., LL.B., Advocate
(Gujarat Highcourt)

M : No: -9979104781
Heritage Complex,
Nr.Balaji Hall, 150 Feet
ring Road, RAJKOT

સનદ નં. G / 2089 / 2006

R. M. SANGANI ADVOCATE B.Com.LL.B.D.T.L.P.



તા.૦૪/૦૧/૨૦૧૯ ના રોજથી મેળવી લો–રાઈઝ બિલ્ડીંગનું બાંધકામ ચાલુ કરેલ છે. સદરહું બિલ્ડીંગમાં ૧૦ ફ્લેટ નું બાંધકામ ચાલુ કરેલ છે. સદરહું બિલ્ડીંગને **"રીધ્ધી પેલેસ"** નામ આપેલ છે.

સદરહું ગામ મવડીના રેવન્યુ સર્વે નં.૧૫૬/૧ પૈકીની જમીન એકર ૮–૨૨ ગુંઠાની બિનખેડવાણ અને ઈમારત બાંધવાની તેમજ રહેણાંક હેતુ માટેની મંજુરીવાળી જમીનના પ્લોટ્સ પૈકી **પ્લોટ નં.૬ પૈકીની** જમીન ચો.મી.આ.૧૪૧–૨૧ ઉપર બાંધવામાં આવેલ **"રિધ્ધી પેલેસ"** ના નામથી ઓળખાતા રહેણાંક હેતુ માટેના લો–રાઈઝ બિલ્ડીગ **(૧) શ્રી ભગવતીબેન અશ્વિનભાઈ પિપરીયા, (૨) શ્રી રાજેશભાઈ રાઘવભાઈ રામાણી**,ની સંયુકત કબજા, ભોગવટા અને માલીકીની આવેલ છે. સદરહું મિલ્કતની ચર્તુ:સીમા નીચે મુજબ છે.

**સદરહું મિલ્કતની ચર્તુ:દિશા ::–**

ઉતરે ::– આ પ્લોટ પૈકીની મિલ્કત આવેલ છે. તે તરફ માપ ફુટ ૬૦–૦૦ છે.
દક્ષિણે ::– આ પ્લોટ પૈકીની મિલ્કત આવેલ છે. તે તરફ માપ ફુટ ૬૦–૦૦ છે.
પુર્વે ::– પ્લોટ નં. ૮ ની મિલ્કત આવેલ છે. તે તરફ માપ ફુટ ૨૫–૪ છે.
પશ્ચિમે ::– ૩૦–૦૦ ફુટનો રસ્તો આવેલ છે. તે તરફ માપ ફુટ ૨૫–૪ છે.

**ટાઈટલ ડીડઝ :–**

(૧) બાંધકામ પરવાનગી, આરંભ પ્રમાણપત્ર તથા બિલ્ડીંગ પ્લાન અસલ.

(૨) શ્રી ભગવતીબેન અશ્વિનભાઈ પિપરીયા જોગ શ્રી રમેશભાઈ ગંગદાસભાઈ ટીલારાએ કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં.૪૬૫૩, તા.૦૪/૦૭/૨૦૧૮ ના રોજની નકલ.

(૩) શ્રી રાજેશભાઈ રાઘવભાઈ રામાણી વિગેરે જોગ શ્રી સુરેશભાઈ મોહનભાઈ અકબરી વિગેરેએ કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં.૫૧૫, તા. ૨૭/૦૧/૨૦૧૫ ના રોજની નકલ.

(૪) શ્રી સુરેશભાઈ મોહનભાઈ અકબરી વિગેરે જોગ શ્રી કેશવભાઈ રવજીભાઈ વરસાણીએ કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં.૪૦૭, તા.૧૮/૦૧/૨૦૦૫ ના રોજની નકલ.

(૫) શ્રી કેશવભાઈ રવજીભાઈ વરસાણી જોગ શ્રી જયંતીલાલ રણછોડભાઈ કરકર એ કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં.૬૦૩૫, તા.૦૯/૦૬/૧૯૯૨ ના રોજની નકલ.

(૬) શ્રી જયંતીલાલ રણછોડભાઈ કરકર જોગ શ્રી નાથાભાઈ કરશનભાઈ સોજીત્રા એ કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં.૧૧૭૦૯, તા.૦૪/૧૦/૧૯૮૯ ના રોજની નકલ.

...૫/–

**RAJNI M. SANGANI**
B.COM., LL.B., Advocate
(Gujarat Highcourt)

*M : No: -9979104781*
Heritage Complex,
Nr.Balaji Hall, 150 Feet
ring Road, RAJKOT

સનદ નં. G / 2089 / 2006



(૭) શ્રી નાથાભાઈ કરશનભાઈ સોજીત્રા જોગ ગુ. ભાણજીભાઈ જીવાભાઈ ના વારસદારો શ્રી વેલીબેન ગોવિંદભાઈ વિગેરેના કુલમુખત્યાર દરજ્જે તથા જાતેથી શ્રી તુલશીભાઈ ભાણજીભાઈ તથા શ્રી મહાશંકર કાનજીભાઈએ કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં.૮૭૪૯, તા.૨૧/૧૧/૧૯૮૧ ના રોજની નકલ.

(૮) ગુ. ભાણજીભાઈ જીવાભાઈના વારસદારો શ્રી વેલીબેન ગોવિંદભાઈ વિગેરેએ શ્રી તુલશીભાઈ ભાણજીભાઈને તા.૨૧/૦૫/૧૯૮૧ ના રોજ કરી આપેલ કુલ મુખત્યારનામાની નકલ.

(૯) શ્રી મહાશંકર કાનજીભાઈ ત્રીવેદી વિગેરે જોગ શ્રી પટેલ દામજી ઉકાભાઈ વિગેરેએ કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં.૧૩૨૯, તા.૧૮/૦૩/૧૯૬૬(૧ નંબરની બુકના નં.૩૧૨૬, વો.૫૨૮, તા.૨૩/૧૦/૧૯૬૬) ના રોજની નકલ.

(૧૦) શ્રી પટેલ દામજી ઉકાભાઈ વિગેરે વચ્ચે થયેલ રજી. વહેચણી દસ્તાવેજ અનુ. નં.૬૩૯, તા.૨૨/૦૨/૧૯૬૫(૧ નંબરની બુકના નં.૧૪૮૬, વો.૪૩૧, તા.૨૬/૦૭/૧૯૬૫) ના રોજની નકલ.

(૧૧) તાલુકા વિકાસ અધીકારી, રાજકોટના બિનખેતીના હુકમ નં. લેન્ડ–૧–૨૧, તા.૦૩/૦૭/૧૯૬૩ ના રોજ થયેલ બિનખેતી હુકમની નકલ. તથા બીનખેતી સનદ નં.૨૧, તા.૨૦/૧૦/૧૯૬૩ ના રોજની નકલ.

(૧૨) મંજુર થયેલ બિનખેતી લે–આઉટ પ્લાનની નકલ.

(૧૩) ઝોનીંગ સર્ટીફીકેટ તથા પાર્ટ પ્લાનની નકલો.

(૧૪) લીઝ ભર્યા અંગેની પહોંચની નકલ.

(૧૫) હાલના માલીકથી ઉતરોતર રેવન્યુ રેકર્ડના ઉતારાની નકલો.

ઉપર મુજબના દસ્તાવેજો વિચારણા હેઠળ લીધા બાદ મિલ્કતના માલીકોએ આ બાંહેધરી આપેલ છે કે આ મિલકત તેઓની ભાગીદારી પેઢીના કબજા ભોગવટામાં છે. તેમજ ઉપરોકત વર્ણનવાળી મિલ્કત ટાઈટલ કલીયર છે.

જે બાબતે સબ–રજી. શ્રી રાજકોટ–૧ ના સને. ૧૯૮૯ થી ૧૯૯૭ જે સર્ચ ફી રૂા.૧૦૦/– પહોંચ નં.૨૦૧૯૦૨૨૦૨૨૮૮૯, તા.૧૩/૦૮/૨૦૧૯, તથા સબ–રજી. શ્રી રાજકોટ–૨ ના સને ૧૯૯૮ થી ૨૦૧૧ જે સર્ચ ફી રૂા.૧૫૦/– પહોંચ નં. ૨૦૧૯૦૨૩૦૨૪૯૧૩, તા.૧૩/૦૮/૨૦૧૯ તથા સબ–રજી. શ્રી રાજકોટ–૬–મવડી ના સને ૨૦૧૨ થી ૨૦૧૯ જે સર્ચ ફી રૂા.૯૦/– પહોંચ નં.૨૦૧૯૩૨૬૦૧૦૪૯૦, તા.૧૪/૦૮/૨૦૧૯ ના રોજથી ભરપાઈ કરેલ છે. એમ કુલ ૩૧(એકત્રીસ) વર્ષ નું સર્ચ કરેલ છે. જે સર્ચથી અન્ય કોઈ વ્યવહાર થયેલ માલુમ પડતુ નથી.

...૬/–

**RAJNI M. SANGANI**
B.COM., LL.B., Advocate
(Gujarat Highcourt)

*M : No: -9979104781*
Heritage Complex,
Nr.Balaji Hall, 150 Feet
ring Road, RAJKOT

સનદ નં. G / 2089 / 2006



ઉપરોકત બાબતમાં જણાવેલ મિલ્કતની માલીકી અને કબજો ભોગવટો **(૧) શ્રી ભગવતીબેન અશ્વિનભાઈ પિપરીયા, (૨) શ્રી રાજેશભાઈ રાઘવભાઈ રામાણી,** નો આવેલ છે. આથી મારા સ્પષ્ટ અભિપ્રાય મુજબ સવાલવાળી મિલ્કતનાં ટાઈટલ કોઈપણ ગીરો બોજા વગરનાં વ્યાજબી શંકા રહિત, લોનેબલ, માર્કેટેબલ તથા ટાઈટલ કલીયર હોવાનું મારું માનવું છે.

સ્થળ : રાજકોટ
તારીખ :૧૬/૦૮/૨૦૧૯

R. M. SANGANI
ADVOCATE
B.Com.LL.B.D.T.L.P.

..........................................
રજની એમ. સાંગાણી, એડવોકેટ
સનદ નં.જી/૨૦૮૯/૨૦૦૬

**RAJNI M. SANGANI**
(B.Com., D.T.L.P., LL.B.)
Advocate Gujarat High Court
1st Floor, Heritage Complex,
Nr. Balaji Hall,
150 Ft. Ring Road, Rajkot.

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : રે સ નઃ156/1 પૈકી પ્લોટ નઃ6 પૈકી

Search in : મવડી /MAVDI

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૧૯૦૨૩૦૨૪૯૧૩ | અરજી નંબર | ૧૪૮૯૧ | અરજી વર્ષ | ૨૦૧૯ |
| તારીખ | ૧૩ | માહે | ઓગસ્ટ | સને | ૨૦૧૯ |

રજુ કરનારનું નામ રજની એમ.સાંગાણી (એડ) શોધ

નીચે પ્રમાણે ફી પહોંચી

| | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી................................................ | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો.............................. | |
| શેરોની નકલ કરવા માટે ફી.......................................... | |
| ટપાલ ખર્ચ.......................................................... | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )........................ | |
| શોધ અગર તપાસણી............Year: 1998 2011 | ૧૫૦.૦૦ |
| દંડ કલમ-૨૫......................................................... | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )............................................... | |
| નકલ ફી ફોલીયો.................................................... | |
| ઈન્ડેક્ષ-૨ ફી ........................................................ | |

| કુલ એકંદરે રૂ. | ૧૫૦.૦૦ |
|---|---|

THE SEAL OF THE SUB-REGISTRAR OF RAJKOT-2 (MORBI ROAD) રાજકોટ સબ રજીસ્ટ્રારનો સિક્કો રાજકોટ-૨ (મોરબી રોડ) સત્યમેવ જયતે

અંકે રૂપીયા એક સો પચાંસ પુરા

દસ્તાવેજ

_ _ _ _ _ _ _ _ _ _ ના દિવસે તૈયાર થશે અને

તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં

_ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ . આવશે.

કચેરીમાં આપવામાં

નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

A. N. Dasani
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 2

IGR-NIC(G) 8258735890412352385 (W) ૧૩/૦૮/૨૦૧૯ 13:18:46

ધારાં

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : મવડી રે સ નં.156/1 પૈકી પ્લોટ નં.6 પૈકી

Search in : RAJKOT-1/RAJKOT-1

| પહોંચ નંબર | ૨૦૧૯૦૨૨૦૨૨૮૮૯ | અરજી નંબર | ૧૬૬૫૧ | અરજી વર્ષ | ૨૦૧૯ |
|---|---|---|---|---|---|
| તારીખ | ૧૩ | માહે | ઓગસ્ટ | સને | ૨૦૧૯ |

રજુ કરનારનું નામ રજની એમ સાંગાણી (એડ) શોધ

નીચે પ્રમાણે ફી પહોંચી રૂ. પૈસા

| | |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી.......... | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો.......... | |
| શેરોની નકલ કરવા માટે ફી.......... | |
| ટપાલ ખર્ચ.......... | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ ).......... | |
| શોધ અગર તપાસણી..........Year: 1989 1997 | ૧૦૦.૦૦ |
| દંડ કલમ-૨૫.......... | |
| કલમ-૩૪ (કલમ-૫૭ ).......... | |
| નકલ ફી ફોલીયો.......... | |
| ઈન્ડેક્ષ-૨ ફી .......... | |
| કુલ એકંદરે રૂ. | ૧૦૦.૦૦ |

THE SEAL OF THE SUB-REGISTRAR રાજકોટ સબ રજીસ્ટ્રાર

અંકે રૂપીયા એક સો શુન્ય પુરા

દસ્તાવેજ ___________ ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં ________________ આવશે.

કચેરીમાં આપવામાં

નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

BHARATKUMAR KANABHAI CHAVADA
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 1

## અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : રે.સ.નં. 156/1 પૈકી, પ્લોટ નં. 6 પૈકીની જમીન ચો.મી. 141.21

Search in : Mavdi/Mavdi

| પહોંચ નંબર | ૨૦૧૯૩૨૬૦૧૦૪૯૦ | અરજી નંબર | ૪૬૯૯ | અરજી વર્ષ | ૨૦૧૯ |
|---|---|---|---|---|---|
| તારીખ | ૧૪ | માહે | ઓગસ્ટ | સને | ૨૦૧૯ |

રજુ કરનારનું નામ રજની એમ. સાંગાણી (એડ) શોધ

નીચે પ્રમાણે ફી પહોંચી રૂ. પૈસા

| | |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી.................................................................... | |
| નકલ કરવા ની ફી સાઇડ / ફોલીયો.............................................. | |
| શેરોની નકલ કરવા માટે ફી.................................................... | |
| ટપાલ ખર્ચ............................................................................ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭)........................................ | |
| શોધ અગર તપાસણી............Year: 2012 2019 | ૯૦.૦૦ |
| દંડ કલમ-૨૫............................................................................ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )..................................................................... | |
| નકલ ફી ફોલીયો......................................................................... | |
| ઈન્ડેક્ષ-૨ ફી ............................................................................ | |

| | |
|---|---|
| કુલ એકંદરે રૂ. | ૯૦.૦૦ |

THE SEAL OF THE SUB-REGISTRAR OF RAJKOT-6 (MAVADI) રાજકોટ સબ રજીસ્ટ્રારની (મવડી) રાજકોટ-૬ (મવડી)

અંકે રૂપીયા નેવું પુરા

દસ્તાવેજ

_ _ _ _ _ _ _ _ _ _ ના દિવસે તૈયાર થશે અને

તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં

_ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ આવશે.

કચેરીમાં આપવામાં

નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

S I Kordiya
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 6 - મવડી

IGR-NIC(G) 349904787831169693 (W) ૧૪/૦૮/૨૦૧૯ 10:49:55